## વિભાગ - 1 : માનસિક ક્ષમતા કસોટી



સૂચના : નીચેના પ્રશ્ન નં. 1 થી 10 પ્રશ્નોમાં ચોક્કસ નિયમાનુસાર અંકશ્રેણી આપવામાં આવેલ છે. તેમાં (?) ના સ્થાને વિકલ્પમાંથી યોગ્ય અંક પસંદ કરો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1 | 1, 4, 9, ? 25, 36 | | | | |
| | | (A) 15 | (B) 16 | (C) 20 | (D) 18 |
| 2 | 2, 4, 13, 26, 24, 48, 35, ? | | | | |
| | | (A) 46 | (B) 70 | (C) 72 | (D) 60 |
| 3 | 2, 5, 9, 14, 20, ? | | | | |
| | | (A) 26 | (B) 25 | (C) 27 | (D) 28 |
| 4 | 17, 25, 41, 73, ? | | | | |
| | | (A) 137 | (B) 105 | (C) 81 | (D) 127 |
| 5 | 1.1, 2.3, 3.5, 4.7, ? | | | | |
| | | (A) 5.5 | (B) 5.7 | (C) 5.8 | (D) 5.9 |
| 6 | $1, \frac{1}{3}, \frac{1}{9}, \frac{1}{27}, ?$ | | | | |
| | | (A) $\frac{1}{36}$ | (B) $\frac{1}{81}$ | (C) 2 | (D) $\frac{1}{45}$ |
| 7 | 52, 26, 104, 52, 208, ? | | | | |
| | | (A) 114 | (B) 94 | (C) 104 | (D) 52 |
| 8 | 80, 69, 60, 53, ? | | | | |
| | | (A) 43 | (B) 47 | (C) 46 | (D) 48 |
| 9 | $\frac{1}{2}, \frac{3}{4}, ?, \frac{7}{16}, \frac{9}{32}$ | | | | |
| | | (A) $\frac{5}{8}$ | (B) $\frac{5}{9}$ | (C) $\frac{5}{6}$ | (D) $\frac{6}{8}$ |
| 10 | 1, 2, 5, ?, 17, 26 | | | | |
| | | (A) 13 | (B) 9 | (C) 10 | (D) 11 |





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


સૂચના : પ્રશ્ન નં. 11 થી 12 માં દર્શાવેલ આકૃતિમાં વધુમાં વધુ કેટલાં ચોરસ છે તે જણાવો.

| | | |
|---|---|---|
| 11 |  | (A) 8 (B) 6 (C) 7 (D) 9 |
| 12 |  | (A) 16 (B) 18 (C) 27 (D) 24 |



સૂચના : પ્રશ્ન નં. 13 થી 14 માં દર્શાવેલ આકૃતિમાં વધુમાં વધુ કેટલાં લંબચોરસ છે તે જણાવો.

| | | |
|---|---|---|
| 13 |  | (A) 14 (B) 18 (C) 28 (D) 36 |
| 14 |  | (A) 17 (B) 72 (C) 63 (D) 36 |

સૂચના : પ્રશ્ન નં. 15 માં દર્શાવેલી આકૃતિમાં ચોરસ ન હોય તેવા વધુમાં વધુ કેટલાં લંબચોરસ મળે ?




| | | |
|---|---|---|
| 15 |  | (A) 19 (B) 11 (C) 30 (D) 22 |

સૂચના : પ્રશ્ન નં. 16 થી 20 માં દર્શાવેલી આકૃતિમાં વધુમાં વધુ કેટલાં ત્રિકોણ છે તે જણાવો.

| | | |
|---|---|---|
| 16 |  | (A) 10 (B) 12 (C) 13 (D) 14 |
| 17 |  | (A) 15 (B) 27 (C) 18 (D) 21 |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

| | | |
|---|---|---|
| 18 |  | (A) 16 (B) 20 (C) 24 (D) 28 |
| 19 |  | (A) 6 (B) 8 (C) 12 (D) 4 |
| 20 |  | (A) 32 (B) 16 (C) 34 (D) 38 |

સૂચના : નીચે આપેલા 21 થી 25 પ્રશ્નોમાં આપેલા શબ્દના અંગ્રેજી મૂળાક્ષરોને તેમના મૂળાક્ષરોના ક્રમ પ્રમાણેની ગોઠવણીનો સાચો ક્રમ લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| 21 | RANDOM | | | | |
| | | (A) ADOMNR | (B) ADNMOR | (C) ADMONR | (D) ADMNOR |
| 22 | MONKEY | | | | |
| | | (A) EMKNOY | (B) EMNOKY | (C) EKNMOY | (D) EKMNOY |
| 23 | UNLOCK | | | | |
| | | (A) CKLNOU | (B) CLKNOU | (C) CKLONU | (D) CLKNUO |
| 24 | DEFECT | | | | |
| | | (A) CDFEET | (B) CDEFET | (C) CEDFET | (D) CDEEFT |
| 25 | SHUFFLE | | | | |
| | | (A) EFFHLLSU | (B) EFFLLHUS | (C) EFFHLLUS | (D) EFFHLSLU |

સૂચના : નીચે આપેલા પ્રશ્ન નં. 26 થી 30 માં ગુજરાતી મૂળાક્ષરોને નીચે મુજબ અંકમાં દર્શાવીને સાચા વિકલ્પથી જવાબ આપો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| અંક : | 5 | 7 | 1 | 9 | 3 |
| મૂળાક્ષર : | જ | ડ | ભ | ર | ત |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 26 | ભડભડ = ? | | | | |
| | | (A) 1717 | (B) 1515 | (C) 1313 | (D) 3737 |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

27 રડ + તરત = ?

(A) 330 (B) 290 (C) 490 (D) 160

28 રજ + ભજ = ?

(A) 200 (B) 110 (C) 160 (D) 130

29 તરત - ભરત = ?


(A) 400 (B) 300 (C) 100 (D) 200

30 નીચેના પૈકી કયું સાચું નથી ?

(A) ભડ < રજ (B) તજ = ડ × જ (C) ભર × જ = રજ (D) તરત > રજત


સૂચના : નીચે આપેલા 31 થી 35 પ્રશ્નોમાં દરેકમાં ચાર આકૃતિઓ આપેલી છે. તે પૈકીની એક આકૃતિ બાકીની ત્રણ આકૃતિઓથી જુદી પડે છે. આ જુદી પડતી આકૃતિ શોધો.

31




(A) (B) (C) (D)

32




(A) (B) (C) (D)

33



(A) (B) (C) (D)

34




(A) (B) (C) (D)



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

| 35 | |
|---|---|



(A) (B) (C) (D)

સૂચના : પ્રશ્ન નં. 36 થી 40 માં અંગ્રેજી મૂળાક્ષરો માટે સુચવેલી સાંકેતિક ભાષાને ધ્યાનમાં લઈ ઉત્તર આપો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| 36 | જો MASK = 1357 અને VACCINE = 2344689 હોય તો CAKE = ? | | | | |
| | (A) 9734 | (B) 3479 | (C) 4379 | (D) 4179 | |
| 37 | જો SCHOOL = 123445 અને TEACHER = 6782379 હોય તો HORSE = ? | | | | |
| | (A) 34719 | (B) 34917 | (C) 34179 | (D) 37149 | |
| 38 | જો EDUCATION = 349218576 હોય તો NOTE = ? | | | | |
| | (A) 6783 | (B) 7386 | (C) 6873 | (D) 6421 | |
| 39 | જો CHOCOLATE = 246265173 હોય તો COLA = ? | | | | |
| | (A) 2156 | (B) 2651 | (C) 2561 | (D) 1562 | |
| 40 | જો JANUARY = FEBRUARY તો DECEMBER = ? | | | | |
| | (A) SEPTEMBER | (B) MAY | (C) JULY | (D) OCTOBER | |

સૂચના : નીચે આપેલા 41 થી 50 પ્રશ્નોમાં દર્શાવેલ ચાર વિકલ્પોમાંથી એક વિકલ્પ અલગ પડે છે તે શોધો.


| | | | | |
|---|---|---|---|---|
| 41 | (A) મ | (B) ણ | (C) ત | (D) ન |
| 42 | (A) ક | (B) ચ | (C) ટ | (D) ણ |
| 43 | (A) A | (B) B | (C) C | (D) D |
| 44 | (A) AB | (B) EF | (C) ID | (D) OF |
| 45 | (A) GT | (B) MN | (C) SH | (D) YC |
| 46 | (A) 4 | (B) 16 | (C) 25 | (D) 36 |
| 47 | (A) 7 | (B) 9 | (C) 11 | (D) 13 |
| 48 | (A) મે | (B) જૂન | (C) જુલાઈ | (D) ઑગસ્ટ |
| 49 | (A) મગર | (B) માછલી | (C) દેડકો | (D) કરચલો |
| 50 | (A) સેકન્ડ | (B) મિનિટ | (C) કલાક | (D) પ્રકાશવર્ષ |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


સૂચના : નીચે આપેલા 51 થી 55 પ્રશ્નોમાં અરીસાની છાપ આપેલી છે. તે શોધીને સાચો જવાબ લખો.

**51**




પ્રશ્ન આકૃતિ (A) (B) (C) (D)

**52**




પ્રશ્ન આકૃતિ (A) (B) (C) (D)

**53**




પ્રશ્ન આકૃતિ (A) (B) (C) (D)

**54**



પ્રશ્ન આકૃતિ (A) (B) (C) (D)

**55**



પ્રશ્ન આકૃતિ (A) (B) (C) (D)

સૂચના : નીચે આપેલા પ્રશ્ન નં. 56 થી 60 માં પ્રથમ બે શબ્દોનો ચોક્કસ સંબંધ ધ્યાનમાં રાખી (?) પ્રશ્નાર્થ દર્શાવેલ સ્થાન માટે બંધબેસતો વિકલ્પ પસંદ કરો.

| | | | | |
|---|---|---|---|---|
| 56 | પેન્સિલ : ગ્રેફાઇટ : : પેન : ? | | | |
| | (A) શાહી | (B) કાગળ | (C) રબર | (D) સંચો |
| 57 | સૂપ : શાકભાજી : : જ્યૂસ : ? | | | |
| | (A) ફળ | (B) બરફ | (C) ખાંડ | (D) અનાજ |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

| | | | | |
|---|---|---|---|---|
| 58 | સાપ : દર : : સિંહ : ? | | | |
| | (A) તબેલો | (B) ગુફા | (C) રાફડો | (D) તળાવ |
| 59 | પાઘડી : માથું : : મોજાં : ? | | | |
| | (A) નાક | (B) કાન | (C) પગ | (D) ગાલ |
| 60 | CAMEL : LEMAC : : COW : ? | | | |
| | (A) WOC | (B) WCO | (C) CWO | (D) LIM |

સૂચના : પ્રશ્ન નં. 61 થી 70 માં દરેકમાં : : ની ડાબી બાજુએ એક જોડી આપેલી છે. જે ચોક્કસ સહસબંધ ધરાવે છે. આજ સંબંધ કે નિયમાનુસાર : : ની જમણી બાજુએ ? ના સ્થાને યોગ્ય વિકલ્પ પસંદ કરી જોડી બનાવો.

| | | | | |
|---|---|---|---|---|
| 61 | ઘડિયાળ : સમય : : બેરોમીટર : ? | | | |
| | (A) હવાનું દબાણ | (B) વજન | (C) તાપમાન | (D) કદ |
| 62 | લાકડું : ફર્નિચર : : સિમેન્ટ : ? | | | |
| | (A) ઈંટ | (B) મકાન | (C) કડિયો | (D) ચણતર |
| 63 | ચૂંબક : હોકાયંત્ર : : ? : થર્મોમીટર | | | |
| | (A) કાચ | (B) સેલ્શીયસ | (C) તાપમાન | (D) પારો |
| 64 | શાળા : વિદ્યાર્થી : : દુકાન : ? | | | |
| | (A) વેપારી | (B) ગ્રાહક | (C) માલ | (D) વેપાર |
| 65 | 4 : 16 : : 7 : ? | | | |
| | (A) 28 | (B) 36 | (C) 64 | (D) 50 |
| 66 | X : □ :: ⊠ : ? | | | |
| | (A) ⎔ | (B) ⬡ | (C) ◇ | (D) ⬠ |
| 67 | V : ɣ :: W : ? | | | |
| | (A) W | (B) M | (C) ʬ | (D) M |
| 68 | S : Ƨ̇ :: P : ? | | | |
| | (A) ꟼ | (B) ꟼ̇ | (C) P̣ | (D) ꟼ̣ |

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

| | |
|---|---|
| 69 | L : KM : : Q : ?<br>(A) PQ (B) QR (C) PR (D) PS |
| 70 | ગરબડ : ડબગર : : પરબત : ?<br>(A) તબરપ (B) તબપર (C) બતપર (D) બતરપ |
| 71 | 51 વિદ્યાર્થીઓના વર્ગમાં રેશમાનો ક્રમ 21મો છે. તો તેણીનો છેલ્લેથી કયો ક્રમ હશે ?<br>(A) 21 (B) 26 (C) 30 (D) 31 |
| 72 | ઉંચાઈના ક્રમમાં બેઠેલા વિદ્યાર્થીઓમાં અતુલનો ક્રમ પહેલેથી સાતમો છે. તથા છેલ્લેથી તે આઠમો ક્રમ ધરાવે છે. કુલ કેટલા વિદ્યાર્થી બેઠેલા હશે ?<br>(A) 13 (B) 14 (C) 15 (D) 16 |
| 73 | અનિલ સૂર્યાસ્ત સમયે સૂર્ય સામે મોં રાખીને ઊભો છે. તેનો જમણો હાથ કઈ દિશામાં હશે ?<br>(A) ઉત્તર (B) દક્ષિણ (C) પૂર્વ (D) પશ્ચિમ |
| 74 | એક કરોડ એટલે કેટલાં સો ?<br>(A) 1 હજાર (B) 1 લાખ (C) 10 લાખ (D) 10 હજાર |
| 75 | 1 જાન્યુઆરીના રોજ શુક્રવાર હોય તો 27 જાન્યુઆરીના રોજ કયો વાર હશે ?<br>(A) બુધવાર (B) ગુરુવાર (C) શુક્રવાર (D) મંગળવાર |

સૂચના - પ્રશ્ન નં. 76 થી 90 માં દર્શાવેલી વિગત અનુસાર જવાબ લખો.

| | |
|---|---|
| 76 | જો જાન્યુઆરી મહિનાની 14મી તારીખે ગુરુવાર હોય તો તે મહિનામાં કયો વાર પાંચ વખત નહિ આવે ?<br>(A) શુક્રવાર (B) ગુરુવાર (C) શનિવાર (D) રવિવાર |
| 77 | જો આજે રવિવાર હોય તો 49 દિવસ પછી કયો વાર હોય ?<br>(A) શનિવાર (B) રવિવાર (C) શુક્રવાર (D) મંગળવાર |
| 78 | જો 31મી ડિસેમ્બર, 2020 ના રોજ ગુરુવાર હોય તો 28મી ફેબ્રુઆરી, 2021 ના રોજ કયો વાર હોય ?<br>(A) શુક્રવાર (B) શનિવાર (C) રવિવાર (D) સોમવાર |
| 79 | તમારી બહેનના મામાની એકમાત્ર બહેનની દીકરી તમારા શું થાય ?<br>(A) માસી (B) બહેન (C) ફોઈ (D) ભાણેજ |
| 80 | મેચ નિહાળતી વખતે એક ખેલાડી તરફ આંગળી ચીંધીને યોગેશ કહે "તે મારી સાસુની એકમાત્ર દીકરીનો દીકરો છે." તો તે ખેલાડી યોગેશનો શું થાય ?<br>(A) પિતા (B) પુત્ર (C) સાળો (D) દોહિત્ર |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


| | | | | |
|---|---|---|---|---|
| 81 | જહાન્વી સૂર્યાસ્ત સમયે દક્ષિણ દિશા તરફ પીઠ રાખીને ઊભી છે તો તેનો પડછાયો કઈ દિશામાં પડશે ? | | | |
| | (A) પૂર્વ | (B) પશ્ચિમ | (C) ઉત્તર | (D) દક્ષિણ |
| 82 | પીયૂષ ઘરેથી નીકળી પૂર્વ દિશા તરફ 3 કિ.મી. ચાલે છે. ત્યારબાદ તે ડાબી તરફ કાટખૂણે વળીને 4 કિ.મી. ચાલે છે. તો હવે, ઘરે પાછા ફરવા તેણે ઓછામાં ઓછું કેટલું અંતર કાપવું પડે ? | | | |
| | (A) 7 કિ.મી. | (B) 1 કિ.મી. | (C) 5 કિ.મી. | (D) 3.5 કિ.મી. |
| 83 | સાગર ઘરેથી નીકળી પશ્ચિમ દિશા તરફ ચાલવાનું શરૂ કરે છે. ત્યાંથી તે ડાબી બાજુ વળીને થોડું ચાલે છે. ત્યારબાદ તે જમણી બાજુ વળે છે. તો હવે, તેનું મોં કઈ દિશા તરફ હશે ? | | | |
| | (A) પૂર્વ | (B) પશ્ચિમ | (C) ઉત્તર | (D) દક્ષિણ |
| 84 | જલ્પા અને જીનલની હાલની ઉંમરનો સરવાળો 25 વર્ષ છે. તો 5 વર્ષ પછી બન્નેની ઉંમરનો સરવાળો કેટલો હશે ? | | | |
| | (A) 30 વર્ષ | (B) 38 વર્ષ | (C) 35 વર્ષ | (D) 40 વર્ષ |
| 85 | રામની ઉંમર શ્યામ કરતાં 5 વર્ષ ઓછી છે. જો બન્નેની ઉંમરનો સરવાળો 25 વર્ષ હોય તો શ્યામની ઉંમર શોધો. | | | |
| | (A) 20 વર્ષ | (B) 10 વર્ષ | (C) 15 વર્ષ | (D) 5 વર્ષ |
| 86 | ક્રિષ્નાના જન્મસમયે તેની અને તેના પિતાની ઉંમરનો સરવાળો 30 વર્ષ હતો. જો હાલમાં તે બન્નેની ઉંમરનો સરવાળો 50 વર્ષ હોય તો ક્રિષ્નાની હાલની ઉંમર શોધો. | | | |
| | (A) 20 વર્ષ | (B) 15 વર્ષ | (C) 25 વર્ષ | (D) 10 વર્ષ |
| 87 | એક સીધી હરોળમાં દીપકનું સ્થાન આગળથી ગણતાં 8મું અને પાછળથી ગણતાં 7મું છે. તો તે હરોળમાં કુલ કેટલાં વ્યક્તિઓ હશે ? | | | |
| | (A) 16 | (B) 15 | (C) 14 | (D) 17 |
| 88 | એક હરોળમાં ડાબી બાજુથી ગણતરી કરતાં વિજય બીજા સ્થાને છે, જ્યારે જમણી બાજુથી ગણતરી કરતાં વીણા બીજા સ્થાને છે. જો તે બન્ને પાસપાસે હોય તો તે હરોળમાં કુલ કેટલા વ્યક્તિઓ હોય ? | | | |
| | (A) 3 | (B) 2 | (C) 5 | (D) ત્રણપૈકી એકેય નહિ |
| 89 | 1 કિ.ગ્રા. લોખંડ અને 1000 ગ્રામ કપાસ પૈકી કોનું વજન વધુ હોય ? | | | |
| | (A) લોખંડ | (B) કપાસ | (C) બન્નેનું સરખું | (D) કંઈ કહી ન શકાય |
| 90 | એક પાઈપના પાંચ સરખા ટુકડા કરવા તેને કેટલી વખત કાપવો પડે ? | | | |
| | (A) 5 | (B) 4 | (C) 6 | (D) 3 |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વિભાગ-2 : શાળાકીય યોગ્યતા કસોટી
### (ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજી, સામાજિક વિજ્ઞાન)

**91** નીચે આપેલી આકૃતિ પરથી $x + y =$ _____ થાય.




(A) 115°  (B) 255°  (C) 125°  (D) 180°

**92** એક ચોરસ બાગ અને એક લંબચોરસ બાગના ક્ષેત્રફળ સમાન છે. જો ચોરસ બાગની બાજુનું મા 60 મીટર તથા લંબચોરસ બાગની લંબાઈ 90 મીટર હોય તો લંબચોરસ બાગની પહોળાઈ ---- મીટર થાય.

(A) 40  (B) 60  (C) 90  (D) 150

**93** વિસ્તૃત સ્વરૂપ : $8 \times 10^4 + 6 \times 10^3 + 4 \times 10^1 + 5 \times 10^0 + 0 \times 10^2$ ને સંખ્યા માં -----લખાય

(A) 86405  (B) 86504  (C) 86540  (D) 86045

**94** $\Delta ABC$ ની બે બાજુઓ AB = 12 સેમી તથા BC = 15 સેમી હોય, તો બાજુ AC માટે કયો વિકલ્પ સાચો થશે ?

(A) AC < 3 સેમી અથવા 27 સેમી < AC

(B) 3 સેમી < AC < 27 સેમી

(C) 3 સેમી ≤ AC ≤ 27 સેમી

(D) AC ≤ 3 સેમી અથવા 27 સેમી ≤ AC

**95** એક પરીક્ષામાં પ્રત્યેક સાચા જવાબ માટે + 5 ગુણ તથા ખોટા જવાબ માટે (−2) ગુણ આપવામાં આવે છે. રોહન એ બધાજ પ્રશ્નોના જવાબ આપ્યાં. જો રોહન 10 પ્રશ્નોના જવાબ સાચા આપે છે તો તેને 30 ગુણ મળે છે તો તેને કેટલા પ્રશ્નનો ના જવાબ ખોટા આપ્યાં ?

(A) 50  (B) 30  (C) 20  (D) 10

**96** $\frac{-4}{5} \times \frac{3}{7} \times \frac{15}{6} \times \frac{(-14)}{9} =$ _____

(A) $\frac{1}{2}$  (B) $\frac{-1}{2}$  (C) $\frac{3}{4}$  (D) $\frac{-3}{4}$




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**97** એક લંબચોરસની પરિમિતિ 13 સેમી અને તેની પહોળાઈ $2\frac{3}{4}$ સેમી હોય તો તેની લંબાઈ કેટલી થાય ?

(A) $4\frac{3}{4}$ સેમી (B) $4\frac{4}{15}$ સેમી (C) $\frac{4}{15}$ સેમી (D) $3\frac{3}{4}$ સેમી

**98** નીચે દર્શાવેલી આકૃતિનું નામ જણાવો.



(A) પંચકોણ (B) ષટ્કોણ

(C) સપ્તકોણ (D) અષ્ટકોણ

**99** નીચેના પૈકી કયું વિધાન લંબચોરસ સંદર્ભે અસત્ય છે ?


(A) લંબચોરસમાં સામસામેની બાજુઓ સમાન હોય છે.

(B) લંબચોરસમાં ચારેય ખૂણા કાટખૂણા હોય છે.

(C) લંબચોરસમાં વિકર્ણની લંબાઈ જુદી જુદી હોય છે.

(D) લંબચોરસમાં સામસામેની બાજુઓની બંને જોડ સમાંતર હોય છે.

**100** નીચેની આકૃતિ પરથી લીલા રંગ (G) નું વૃત્તાંશ મળવાની સંભાવના કેટલી ?




(A) $\frac{3}{8}$ (B) $\frac{5}{8}$

(C) $\frac{6}{8}$ (D) $\frac{1}{2}$

**101** નીચેના પૈકી કઈ સંખ્યા પૂર્ણવર્ગ નથી ?

(A) 121 (B) 289 (C) 361 (D) 323

**102** $75^2 =$ ____

(A) 6525 (B) 5625 (C) 2556 (D) 2565

**103** $\sqrt{12.25} =$ ____

(A) 30 (B) 3.8 (C) 3.5 (D) 4.5

**104** 9 નો ઘન જણાવો.

(A) 9 (B) 81 (C) 729 (D) 6561



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


**105** ₹ 10,000 ની રકમનું 15% લેખે 2 વર્ષનું સાદુવ્યાજ જણાવો.

(A) ₹ 3000 (B) ₹ 1500 (C) ₹ 4500 (D) ₹ 6000

**106** નીચેની આકૃતિમાં ખૂણા $x$ નું માપ જણાવો.

(A) $20^\circ$ (B) $60^\circ$


(C) $120^\circ$ (D) $180^\circ$




**107** 11 ના ત્રણ ક્રમિક ગુણિતનો સરવાળો 363 હોય તો પ્રથમ ગુણિત જણાવો.

(A) 132 (B) 121 (C) 109 (D) 110

**સૂચના :** નીચેના પાઈ ચાર્ટના આધારે પ્રશ્નોના જવાબ લખો. (ક્રમ 13 થી 15) આ પાઈ ચાર્ટમાં વિદ્યાર્થિઓ દ્વારા હિન્દી, અંગ્રેજી, ગણિતશાસ્ત્ર, સામાજિક વિજ્ઞાન અને વિજ્ઞાનની પરીક્ષામાં 540 ગુણમાંથી મેળવવો ગુણ દર્શાવેલા છે.




**108** ગણિતશાસ્ત્ર વિષયમાં વિદ્યાર્થીઓએ કેટલા ગુણ મેળવ્યા ?

(A) 135 ગુણ (B) 140 ગુણ

(C) 145 ગુણ (D) 150 ગુણ

**109** હિન્દી વિષય કરતાં ગણિતશાસ્ત્રમાં વિદ્યાર્થીઓએ કેટલા વધારે ગુણ મેળવ્યા ?

(A) 30 ગુણ (B) 20 ગુણ (C) 10 ગુણ (D) 5 ગુણ

**110** વિદ્યાર્થીઓએ કયા વિષયમાં 120 ગુણ મેળવ્યા ?

(A) સામાજિક વિજ્ઞાન (B) અંગ્રેજી

(C) ગણિત (D) વિજ્ઞાન

**111** સજીવો દ્વારા ખોરાક ગ્રહણ કરવાની અને શરીર દ્વારા તેને ઉપયોગમાં લેવાની પ્રક્રિયાને શું કહે છે?

(A) પોષણ (B) બાષ્પીભવન (C) પરિવહન (D) ઉત્સર્જન

**112** નાના આંતરડાની લંબાઈ જણાવો.

(A) 6 મીટર (B) 6.5 મીટર (C) 7 મીટર (D) 7.5 મીટર



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**113** નીચેના પૈકી કયું પ્રાણી ઊન આપતું નથી ?

(A) યાક (B) અંગોરા બકરી (C) લામા (D) બળદ

**114** નીચેના પૈકી કયો પદાર્થ ઉષ્માનો સુવાહક છે ?

(A) કાગળ (B) લોખંડ (C) પ્લાસ્ટિક (D) ચામડું

**115** કીડીના ડંખમાં કેવા પ્રકારનો એસિડ હોય છે ?

(A) એસિટિક એસિડ (B) સાઇટ્રિક એસિડ
(C) ફોર્મિક એસિડ (D) લેક્ટિક એસિડ

**116** જાસૂદના ફૂલનું સૂચક એસિડિક દ્રાવણને ----- રંગનું બનાવે છે.

(A) લીલા (B) મેજેન્ટા (ઘેરા ગુલાબી)
(C) રંગવિહિન (D) પીળા

**117** ભૌતિક ફેરફાર જણાવો.

(A) મેગ્નેશિયમની પટ્ટીનું બળવું (B) વિસ્થાપન પ્રક્રિયા
(C) કાગળના ટૂકડા કરવા (D) મીઠું પકવવું

**118** એસિડ + બેઈઝ → ---- + પાણી

(A) ક્ષાર (B) પાણી (C) તટસ્થીકરણ (D) એસિડ

**119** ઓક્સિજનની મદદથી ગ્લુકોઝનું વિઘટન થાય છે તે પ્રક્રિયાને ------- કહે છે.

(A) જારક શ્વસન (B) અજારક શ્વસન
(C) કોષીય શ્વસન (D) અકોષીય શ્વસન

**120** અળસિયું શાના દ્વારા શ્વસન કરે છે ?

(A) નાના છિદ્રો (B) ફેફસાં (C) ચીકણી ત્વચા (D) ઝાલર

**121** નીચેના પૈકી કોણ શરીરમાં પ્રવેશતાં જીવાણુંઓ સામે લડે છે ?

(A) રૂધિર રસ (B) રક્ત કણો (C) ત્રાક કણો (D) શ્વેત કણો

**122** હૃદયના ધબકારા માપવા શાનો ઉપયોગ થાય છે ?

(A) પેરિસ્કોપ (B) સ્ટેથોસ્કોપ (C) કેલિડોસ્કોપ (D) માઇક્રોસ્કોપ

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

| | |
|---|---|
| 123 | અવખંડન શામાં જોવા મળે છે ?<br>(A) હંસરાજ (B) હાઇડ્રા (C) પાનફૂટી (D) સ્પાયરોગાયરા |
| 124 | સમયનો મૂળભૂત એકમ જણાવો.<br>(A) સેકન્ડ (B) મિનિટ (C) કલાક (D) એક પણ નહિ |
| 125 | પ્રકાશ ------- રેખામાં ગતિ કરે છે.<br>(A) વર્તુળાકાર (B) વાંકી-ચૂકી (C) સીધી (D) આડા-અવળી |
| 126 | રવિ પાક જણાવો.<br>(A) ડાંગર (B) મકાઈ (C) સોયાબીન (D) રાઈ |
| 127 | ટાઈફોઈડ શાના દ્વારા થાય છે ?<br>(A) બેક્ટેરિયા (B) પ્રજીવ (C) ફૂગ (D) લીલ |
| 128 | શિમ્બી કુળની વનસ્પતિના મૂળની મૂળગંડિકામાં કયા પ્રકારના બેક્ટેરિયા જોવા મળે છે ?<br>(A) રાઈઝોબિયમ (B) એસ્પરજીલસ<br>(C) કુંતલાકાર બેક્ટેરિયા (D) દંડાણુ આકાર બેક્ટેરિયા |
| 129 | હવામાં નાઈટ્રોજન વાયુનું પ્રમાણ ------ હોય છે.<br>(A) 21% (B) 0.02% (C) 0.1% (D) 78% |
| 130 | નીચેના પૈકી કયો રેસો સંપૂર્ણ સંશ્લેષિત રેસા તરીકે ઓળખાય છે ?<br>(A) રેયોન (B) પોલિએસ્ટર (C) નાયલોન (D) એક્રેલિક |
| 131 | 4R સિધ્ધાંત તરીકે શાનો સમાવેશ થતો નથી ?<br>(A) Reduce (B) Recycle (C) Reuse (D) Recall |
| 132 | નીચેનામાંથી શાને ટીપીને પાતળાં પતરાં બનાવી શકાય છે ?<br>(A) લોખંડ (B) સલ્ફર (C) કાર્બન (D) ઓક્સિજન |
| 133 | CNG નું પુરૂં નામ જણાવો.<br>(A) કમ્પેર નેચરલ ગેસ (B) કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ<br>(C) કોમ્પ્રેસ્ડ ન્યુટ્રલ ગેસ (D) કમ્પેર ન્યુટ્રલ ગેસ |
| 134 | અદહનશીલ પદાર્થ જણાવો.<br>(A) લાકડું (B) કાગળ (C) પથ્થરનો ટુકડો (D) કોલસો |

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

| | |
|---|---|
| 135 | નીચેના પૈકી કયું એકકોષીય સજીવ છે ?<br>(A) અમીબા (B) પેરામિશિયમ<br>(C) (A) અને (B) બંને (D) આપેલા તમામ |
| 136 | શાહમૃગના ઈંડાનું કદ જણાવો.<br>(A) 170 cm × 130 cm (B) 170 m × 130 m<br>(C) 170 km × 130 km (D) 170 mm × 130 mm |
| 137 | નીચેના પૈકી કયો ભાગ પ્રાણીકોષ ધરાવતો નથી ?<br>(A) રસધાની (B) હરિતકણ (C) કોષરસપટલ (D) કોષકેન્દ્ર |
| 138 | નીચેના પૈકી કયા પ્રાણીમાં બાહ્યફલન જોવા મળે છે ?<br>(A) ગાય (B) ભેંસ (C) માછલી (D) સ્ટાર ફિશ |
| 139 | અપત્યપ્રસવી પ્રાણી શોધો.<br>(A) કાચબો (B) ગાય (C) સાપ (D) મગર |
| 140 | નીચેના પૈકી કયા પ્રાણીમાં કાયાંતરણ જોવા મળશે ?<br>(A) ગાય (B) કૂતરો (C) બિલાડી (D) દેડકો |
| 141 | $SO_2 + H_2O \rightarrow$ ____<br>(A) $H_2SO_3$ (B) $H_3SO_2$ (C) $HS_2O_3$ (D) $H_2SO$ |
| 142 | આથવણની શોધ કોણે કરી હતી ?<br>(A) લુઈ પાશ્ચર (B) એલેક્ઝાન્ડર ફ્લેમિંગ<br>(C) એડવર્ડ જેનર (D) રોબર્ટ કોશ |
| 143 | નીચેના પૈકી આધુનિક સિંચાઈ પધ્ધતિ શોધો.<br>(A) ફૂવારા પધ્ધતિ (B) મોટ (C) ચેનપંપ (D) ઢેકલી |
| 144 | નીચેના પૈકી કયો રોગ ચેપી છે ?<br>(A) શરદી (B) શીતળા (C) કોલેરા (D) આપેલા તમામ |
| 145 | નીચેના પૈકી કયું કુદરતી ખાતર છે ?<br>(A) NPK (B) પોટાશ (C) યુરિયા (D) વર્મી કમ્પોસ્ટ |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

| | |
|---|---|
| 146 | સમ્રાટ હર્ષવર્ધનને નીચેનામાંથી કયા નાટકોની રચના કરી હતી ?<br>(A) નાગાનંદ (B) રત્નાવલિ<br>(C) (A) અને (B) બન્ને (D) હર્ષચરિત |
| 147 | જો તમે ઉત્તર ગોલાર્ધ માં રહો છો તો 21મી માર્ચથી 23મી સપ્ટેમ્બર સુધી ત્યાં કઈ ઋતુ અનુભવશે ?<br>(A) ચોમાસું (B) ઉનાળો<br>(C) શિયાળો (D) પાછા ફરતા પવનોની ઋતુ |
| 148 | નીચેનામાંથી કયા રાજ્યમાં વિધાન પરિષદ નથી ?<br>(A) બિહાર (B) કર્ણાટક (C) ઉત્તરપ્રદેશ (D) ગુજરાત |
| 149 | તમારા ગામ કે શહેરના અક્ષાંશ રેખાંશ જાણવા મોબાઈલ નો ઉપયોગ કેવી રીતે કરશો ?<br>(A) GPS (my location) (B) YouTube<br>(C) Facebook (D) એક પણ નહિ |
| 150 | જૈન આચાર્યે હેમચંદ્રાચાર્યે કયો વ્યાકરણ ગ્રંથ રચ્યો હતો ?<br>(A) શિશુપાલવધ (B) સિધ્ધહેમ શબ્દાનુશાષન<br>(C) નૈષધચરિત (D) કથા સરિત સાગર |
| 151 | નીચેનામાંથી કયો પ્રદેશ ઊંધા ત્રિકોણ આકારે વિસ્તરેલો છે ?<br>(A) દક્ષિણ ભારતનો ઉચ્ચપ્રદેશ (B) દ્વીપ<br>(C) ઉત્તરનો પર્વતીય પ્રદેશ (D) હિમાલયની પર્વતમાળા |
| 152 | ભારતમાં હાલમાં કુળ કેટલા રાજ્યો અને કેન્દ્રશાષિત પ્રદેશો આવેલા છે ?<br>(A) 27, 6 (B) 28, 7 (C) 29, 7 (D) 33, 7 |
| 153 | સોલંકી શાષન વખતે ગુજરાતમાં શૈવધર્મનું પ્રખ્યાત કેન્દ્ર કયું હતું ?<br>(A) અણહિલવાડ પાટણ (B) સોમનાથ પાટણ<br>(C) દ્વારકા (D) કચ્છ મંડલ |
| 154 | હું ભારતની મધ્યમાંથી પસાર થાઉં છું.<br>(A) કર્કવૃત્ત (B) મકરવૃત્ત (C) વિષુવવૃત્ત (D) એક પણ નહિ |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

| | |
|---|---|
| 155 | ફોજદારી વિવાદ કયો છે ?<br>(A) ચોરી (B) લૂંટફાટ (C) મારામારી (D) ઉપરના તમામ |
| 156 | મુઘલ સમયમાં સરકારના પેટા વિભાગને શું કહેવામાં આવતું હતું ?<br>(A) પ્રાંત (B) આમીલ (C) પરગણું (D) સૂબા |
| 157 | રાષ્ટ્રીય ધોરીમાર્ગ ના માઈલસ્ટોનમાં શું લખેલું હોય છે ?<br>(A) DMR (B) SH (C) NH (D) એક પણ નહિ |
| 158 | મહેલોના બાંધનાર તરીકે કોણ ઓળખાય છે ?<br>(A) શાહજહાં (B) અકબર (C) બાબર (D) જહાંગીર |
| 159 | કદની દૃષ્ટિએ વિશ્વમાં પ્રથમ સ્થાન ધરાવતી નદી કઈ છે ?<br>(A) નાઈલ (B) એમેઝોન (C) ગંગા (D) નર્મદા |
| 160 | "પક્ષાપક્ષી ત્યાં નહીં પરમેશ્વર, સમદૃષ્ટિને સર્વ સમાન." પંક્તિ કોની છે ?<br>(A) મીરાંબાઈ (B) રૈદાસ (C) કબીર (D) નરસિંહ મહેતા |
| 161 | પ્લાસીના યુધ્ધ બાબતે કયું વિધાન ખોટું છે ?<br>(A) સિરાજ-ઉદ-દૌલા અને અંગ્રેજો વચ્ચે થયું.<br>(B) મીરજાફર અને મીરકાસીમ વચ્ચે થયું.<br>(C) સિરાજ-ઉદ-દૌલાની હાર થઈ.<br>(D) રોબર્ટ ક્લાઇવની જીત થઈ. |
| 162 | હિન્દુસ્તાનની ધરતી પર પગ મૂકનાર પ્રથમ અંગ્રેજનું નામ જણાવો.<br>(A) રોબર્ટ ક્લાઇવ (B) વિલિયમ બેન્ટિક<br>(C) હોકિન્સ (D) કૉર્નવોલિસ |
| 163 | આપણે રહેઠાણ, ખેતી, ઉદ્યોગ-ધંધા વગેરે પ્રવૃત્તિ કયા આવરણ પર કરીએ છીએ ?<br>(A) મૃદાવરણ (B) જલાવરણ<br>(C) વાતાવરણ (D) ક્ષોભ આવરણ |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

| | |
|---|---|
| 164 | નીચેનામાંથી કોનો મહાસાગર તરીકે સમાવેશ થતો નથી ?<br>(A) પેસિફિક (B) આર્કટિક (C) હિન્દ (D) એન્ટાર્કટીકા |
| 165 | બંધારણની ખરડા સમિતીના અધ્યક્ષનું નામ જણાવો.<br>(A) ડૉ. રાજેન્દ્રપ્રસાદ (B) જવાહરલાલ નહેરુ<br>(C) ડૉ. બી.આર. આંબેડકર (D) સરદાર વલ્લભભાઈ પટેલ |
| 166 | મિતુલની ઉંમર ચૌદ વર્ષ છે તેને મતાધિકાર હવે ક્યારે મળશે ?<br>(A) એક વર્ષ પછી (B) બે વર્ષ પછી<br>(C) ત્રણ વર્ષ પછી (D) ચાર વર્ષ પછી |
| 167 | દેશની સંસદ કઈ યાદીના વિષય પર કાયદા ઘડે છે ?<br>(A) સંઘયાદી (B) રાજ્યયાદી<br>(C) ઉપરોક્ત (A) અને (B) બન્ને (D) ઉપરોક્ત એક પણ નહિ |
| 168 | ગવર્નર જનરલ ડેલહાઉસી એ કઈ નીતિ અપનાવી હતી ?<br>(A) સહાયકારી નીતિ (B) ખાલસા નીતિ<br>(C) રૈયતવારી નીતિ (D) જમાબંધી નીતિ |
| 169 | સહાયકારી યોજના સમયે પંજાબ પ્રાંતના રાજા કોણ હતા ?<br>(A) રણજિતસિંહ (B) ગોવિંદસિંહ (C) ટીપુ સુલ્તાન (D) અજીતસિંહ |
| 170 | ભૂકંપ નિર્ગમન કેન્દ્રથી દૂર જઈએ તેમ તેની અસર વિશે શું સાચું છે ?<br>(A) અસર વધુ અનુભવાય (B) અસર ઓછી અનુભવાય<br>(C) અસર સરખી જ અનુભવાય (D) ઉપરોક્ત એક પણ નહિ |
| 171 | નીચેનામાંથી કયું દાવાનળનું લક્ષણ છે ?<br>(A) જમીનમાં પાણી સુકાઈ જવું (B) પ્રાણીનો ધસમસતો પ્રવાહ આવે<br>(C) જંગલોમાં લાગતી આગ (D) સમુદ્ર કિનારે ખૂબ ઊંચા મોજા ઉછળે |
| 172 | અંગ્રેજોને ક્યાં પ્રાંતમાં મહેસૂલ ઉઘરાવવાની દિવાની સત્તા મળી ?<br>(A) બંગાળ (B) બિહાર (C) ઓડિશા (D) ઉપરોક્ત તમામ |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

| | |
|---|---|
| 173 | કોઈ પ્રદેશની તાપમાન ભેજ અને વરસાદની લાંબાગાળાની સરેરાશ સ્થિતિને કયા નામે ઓળખવામાં આવે છે ?<br>(A) આબોહવા (B) હવામાન<br>(C) ગ્રીન હાઉસ ઈફેક્ટ (D) ગ્લોબલ વૉર્મિંગ |
| 174 | હિમાલયની બે હજાર હિમનદીઓ નું પીગળી જવું. એ કઈ અસર છે ?<br>(A) ગ્રીન હાઉસ ઈફેક્ટ (B) ગ્લોબલ વૉર્મિંગ<br>(C) ઋતુઓ (D) ત્સુનામી |
| 175 | ભૂ-સપાટીના નબળા ખડક સ્તરોમાં પડેલી ફાટ કે છિદ્રને કયા નામે ઓળખાય છે ?<br>(A) ભૂકંપ (B) ભૂસ્ખલન (C) જ્વાળામુખી (D) ત્સુનામી |
| 176 | સરકારની નીતિઓ તેમજ કાર્યક્રમોની ખામી સામે લાવવાનું કામ કોણ કરે છે ?<br>(A) ચૂંટાયેલ પક્ષ (B) વિરોધ પક્ષ (C) ચાલુ સરકાર (D) ન્યાયાલય |
| 177 | કયા ગવર્નર જનરલે અદાલતમાં માતૃભાષામાં ન્યાય આપવાની શરૂઆત કરી ?<br>(A) કોર્નવૉલિસ (B) વૉરેન હેસ્ટીંગ (C) વિલિયમ બેન્ટિક (D) લૉર્ડ વેલેસ્લી |
| 178 | કાનપુર મુક્તિ માટેની સેનાનું સેનાપતિ પદ કોણે સંભાળ્યું હતું ?<br>(A) કુંવરસિંહ (B) બહાદુરશાહ ઝફર<br>(C) નાના સાહેબ (D) તાત્યા ટોપે |
| 179 | સંસદનું ઉપલું ગૃહ કોને કહેવામાં આવે છે ?<br>(A) રાજ્યસભા (B) લોકસભા (C) વિધાનસભા (D) વિધાન પરિષદ |
| 180 | ઈ.સ. 1857ના સંગ્રામમાં ગુજરાતમાં ખેડા જિલ્લાના સંગ્રામીઓમાં કોનો સમાવેશ થાય છે ?<br>(A) નાથાજી (B) ગરબડદાસ (C) યામાજી (D) ડોનાવન |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in